આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

આપણું હૃદય જ્યારે પ્રેમથી ભરેલું હોય ત્યારે સમગ્ર સૃષ્ટિ પ્રેમમય-આનંદમય લાગે છે
- ધૂમકેતુ

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૧૩ | ૨૪ માર્ચ, ૨૦૧૩, રવિવાર; ફાગણ સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

જિલ્લાના ૨૫ હજાર હેક્ટરમાં ઉનાળુ વાવેતર

સતત ત્રીજી સીઝનમાં વિક્રમી વાવેતરનો વિક્રમ જિલ્લામાં નોંધાયો

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લામાં રવિ અને ખરીફના વિક્રમી વાવેતર પછી સતત ત્રીજી સીઝન ઉનાળુ વાવેતરમાં પણ વિક્રમી વાવેતર થવાના નિર્દેશ મળી રહ્યા છે. અત્યાર સુધીમાં ૨૫ હજાર હેટરથી વધુ વિસ્તારમાં વાવેતર થઈ ચુક્યું છે.

જિલ્લામાં રવિ અને ખરીફ સીઝનમાં વધુ વાવેતર અંદાજો કરતાં થયું હતું. ઉનાળુ સિઝનમાં પણ વાવેતર વધવા પામ્યુ છે આમ એક જ વર્ષની સતત ત્રીજી સીઝનમાં વાવેતર વધતાં તંત્રમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે.

ઉનાળુ વાવેતરમાં જુવાર ઘાસચારાનું તેમજ ઉનાળુ બાજરીનું વાવેતર ઉપરાંત શાકભાજીના પાકોના વાવેતર વિસ્તારમાં વધારો જોવા મળ્યો છે. આ ઉપરાંત ગુવાર મગનું પણ ૧૫૦૦ થી વધુ હેક્ટરમાં વાવેતર થવા પામ્યું છે.

તંત્રના અંતરંગ સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રામાણે ઉનાળુ વાવેતર સૌથી વધુ ગાંધીનગર તાલુકામાં અને સૌથી ઓછુ વાવેતર કલોલ તાલુકામાં થયુ છે. ઉનાળુ મગનું વાવેતર ૫૦૦ હેક્ટર વિસ્તારમાં નોંધાયું છે.

બીજી તરફ ઘઉંના પાકની કાપણી પણ પૂરજોશમાં ચાલી રહી છે અને નવા પાકની આવકો બજારમાં થવા પામી છે.

પાછોતરો વરસાદ સારો થતાં ઉનાળુ વાવેતર વિસ્તારમાં વધારો થયો હોવાનું મનાઈ રહ્યું છે. આ ઉપરાંત પશુધન માટે ઘાસચારાનું વાવેતર ખાસ કરીને જુવાર ઘાસનું વાવેતર સારૂ થવા પામ્યું છે. જેને કારણે ઘાસચારાની અછત ઉભી નહિ થાય તેવો વિશ્વાસ પશુપાલન ક્ષેત્રના અગ્રણીઓ કરી રહ્યા છે.

જિલ્લામાં આ વખતે બટાટા અને ઘઉંનું વાવેતર સારૂ થયુ હોવાથી પાક ઉત્પાદન સારૂ થશે તેવો વિશ્વાસ વ્યક્ત થઈ રહ્યો છે.

ગરમી વધશે તો ક્યારેક અચાનક હવામાન પલ્ટાશે

ગાંધીનગર, તા. ૨૩

હાલમાં અંગ દઝાડતી ગરમી પડી રહી છે. આગામી દિવસોમાં ગરમી વધશે તો ક્યારેક અચાનક હવામાનમાં પલ્ટો આવી શકે છે.

ગાંધીનગરના જાણીતા હવામાનશાસ્ત્રી અંબારામ દા. પટેલે જણાવ્યું છે કે હમણાં ગુજરાત સહિત દેશના કેટલાક ભાગોમાં હવામાનમાં અવારનવાર પલ્ટા આવતા રહ્યા છે ત્યારે ગ્રહ સંજોગો તેમજ અન્ય ભુભૌગોલિક સ્થિતિથી જોતા હજુ પણ ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં હીમવર્ષા કે ઠંડકનો વરસાદ થતાં તેમજ દેશના પશ્ચિમ ક્ષેત્રનો હવામાન અવારનવાર બદલાતા હજુપણ દેશના કેટલાક ભાગોમાં કમોસમી વરસાદ થવાની વકી રહે. કેટલાક ભાગોમાં કરાં સાથેનો વરસાદ પણ રહે. એપ્રિલ માસમાં ભારે ગરમી જણાય. એપ્રિલના બીજા સપ્તાહમાં દેહ દઝાડતી ગરમી પડવાની વકી રહે. તા. ૨૫માં ચંદ્ર-બુધ પ્રતિયોગ, તા. ૨૭ ચંદ્ર-શુક્ર પ્રતિયોગ, તારા-ચંદ્ર-શનિ યુતિ યોગ જોતા હવામાનમાં પલ્ટા આવતા દેશના કેટલાક ભાગોમાં તારીખ ૨૪ થી ૩૦માં કમોસમી વરસાદ થવાની વકી રહે. જેમાં તા. ૨૭ થી ૩૦માં ભારે પવન અને વંટોળ સાથે હવામાનમાં પલ્ટો આવવાની વકી રહે. ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં થતી હીમ વર્ષાની અસરો હેઠળ પશ્ચિમોત્તર ભારતમાં પણ વાદળ-વાયુ સાથેકેટલાક ભાગોમાં માવઠુ થવાની વકી રહે. માર્ચ-એપ્રિલ અને મે મહિનામાં હવામાનમાં પલ્ટા આવે અને આકરી ગરમી બાદ કમોસમી વરસાદ પડવાની વકી રહે.

(તસવીર : દિપક જાની)

હરિયાળું ગાંધીનગર - રળિયામણું ગાંધીનગર : ગાંધીનગરનો રાજમાર્ગ એટલે ચ-માર્ગ કેવો ભવ્ય લાગે છે. ચ-માર્ગની સેન્ટ્રલ વીસ્ટામાં રંગબેરંગી ફૂલો અને માર્ગની બંને બાજુ સરસ મજાના વૃક્ષોથી નગરની શોભા રળિયામણી લાગે છે. ગરમીના દિવસોમાં આંખને ઠંડક આપે એવા મોહક પુષ્પો અને પ્રકૃતિ વૈભવથી ખરેખર ગાંધીનગરનું જનજીવન સદભાગી છે. હજુ થોડીક વધુ કાળજી સમાજ અને શાસન દ્વારા લેવાય તો વધુ સુંદર નગરનું દ્રશ્ય નિર્માણ થઈ શકે એવી શ્રદ્ધા આ પાંગરતા અને પ્રગટતા પુષ્પોની સાથે પ્રસરે છે... આવો સાથે મળી પ્રકૃતિના આ વૈભવને અંતરના ઉમળકાથી વધાવીએ....

વાહનચોરોને રંગેહાથ ઝડપી પોલીસનો નવો એક્શન પ્લાન

પોલીસ સ્ટેશન બેઠા બેઠા લોકેશન બતાવતુ ડીવાઈસ છુપી રીતે વાહનમાં લગાડાશે : ઈન્ટરનેટ પર કોન્સ્ટેબલ સતત મોનીટરીંગ કરશે : ૧૦૦ ડિવાઈસ ખરીદાશે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરમાં વાહનચોરો બેફામ બનતા તેમને સાણસામાં લેવા ગાંધીનગર પોલીસે નવો એક્શન પ્લાન ઘડી કાઢ્યો છે. જીપીએસથી સજ્જ એવા ૧૦૦ ડીવાઈનની ખરીદી કરીને પાર્કીંગ વિસ્તારો ઉપરાંત કોઈપણ સ્થળે બાઈક કે સ્કૂટરમાં તે ડીવાઈસ લગાડી દેવાશે. તે વાહન જ્યાં પણ જશે તેનું લોકેશન ઈન્ટરનેટ પર પોલીસ સ્ટેશન બેઠા બેઠા પોલીસ જોઈ શકશે. પોલીસે ઈન્સ્ટોલ કરેલુ વાહન ચાલશે કે તરત જ નાકાબંધી કરાવડાવીને વાહનચોરને રંગેહાથ ઝડપી લેવામાં આવશે તેમ સૂત્રો તરફથી જાણવા મળ્યું છે.

જીપીએસ સીસ્ટમ ધરાવતુ એક ડીવાઈડર ઓનલાઈન લોકેશન મેળવવા વપરાય છે. આ ડીવાઈસનો ઉપયોગ વાહનચોરોને પકડવા માટે કરવા હાઈટેક ગાંધીનગર પોલીસે પહેલ કરી છે. એક સાથે ૧૦૦ જેટલા ડીવાઈસની ખરીદી પોલીસ કરશે અને વાહનચોરોને રેડ હેન્ડેડ પકડી લેવા કોઈ પણ સમયે કોઈપણ સ્થળ કે પાર્કીંગ પ્લેસ નક્કી કરીને ખાનગી વાહન

● અનુસંધાન પાન-૭ પર

દહેગામ પાસે ટ્રેન-રીક્ષા વચ્ચે ગમખ્વાર અકસ્માત

એક જ કુટુંબના બે બાળકો સહિત છ સભ્યોને કાળ ભરખી ગયો : ચારના ઘટનાસ્થળે અને બે ના સારવાર દરમ્યાન મૃત્યુ : દહેગામ-રખિયાલ વચ્ચે ભાદરોડા ઓપન રેલવે ફાટકે દુર્ઘટના સર્જાઈ : રિક્ષામાં ૧૨ જણા બેઠા હતા : ટ્રેનની ટક્કરથી રીક્ષા રમકડાની માફક ઉછળી : ક્રગંભીર

ગાંધીનગર, તા. ૨૩

દહેગામ-રખિયાલ વચ્ચે આવેલા ભાદરોડા ગામ પાસે ઓપન રેલવે ફાટકેથી ટ્રેન આવે તે પહેલા સડસડાટ નીકળી જવાનો પ્રયત્ન કરતા ખિચોખીચ મુસાફરો ભરેલી રીક્ષા ટ્રેનની અડફેટે આવી જતાં ગમખ્વાર અકસ્માત સર્જાવા પામ્યો હતો. ટ્રેનની ટક્કરે રમકડાની માફક મુસાફરો ભરેલી રીક્ષા ઉછળી હતી અને તેમાં બેઠેલા એક જ કુટુંબના ૧૨ સભ્યો પૈકી ચારના ઘટનાસ્થળે તથા બે ના સારવાર દરમ્યાન મળીને છ ના કમકમાટીભર્યા મૃત્યુ નિપજ્યા હોવાનું જાણવા મળ્યું છે. રખિયાલ પોલીસે ગુનો દાખલ કરીનેઘટનાની ઉંડી તપાસ શરૂ કરી છે. ઉલ્લેખનીય છે કે આ ગમખ્વાર ઘટનામાં ઘાયલ અન્ય છ વ્યક્તિઓ હાલ સારવાર સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

દહેગામ તાલુકાના પરઢોલ ગામમાં રહેતા એક જ કુટુંબના ૧૨ સભ્યો સમી સાંજે પેસેન્જર રીક્ષા નં. જીજે-૧ સી.યુ.૫૦૫૨ માં બેસીને અમદાવાદ તરફ જવા નીકળ્યા હતા. આ રીક્ષામાં પાંચ વર્ષથી પણ નાના એવા ચાર બાળકો હતા. દહેગામ-રખિયાલની વચ્ચે સ્થિત ભાદરોડા ગામ પાસે એક ઓપન રેલવે ટ્રેક છે, જ્યાં ફાટક જ નથી. ટ્રેનને આવતા જોઈ હોવા છતાં રીક્ષા નીકળી જશે તેવો અંદાજ રાખીને રીક્ષા ડ્રાઈવરે ઓપન ફાટકેથી રીક્ષા રમરમાવી મુકી હતી. પરંતુ ટ્રેન આવે તે પહેલા રીક્ષા નીકળી શકી નહી. સડસડાટ આવતી ટ્રેને રીક્ષાને અડફેટે લઈ લેતા રીક્ષામાં સવાર એક જ કુટુંબના બારેય સભ્યો ફંગોળાઈ ગયા હતા. જેમાં પાંચ વર્ષની એક બાળકી પ્રિયંકા અરવિંદભાઈ દંતાણી સહીત ચાર વ્યક્તિઓના સ્થળ પર જ મૃત્યુ નિપજ્યા હતા. જેમાં નગીનભાઈ ભલાભાઈ દંતાણી (ઉ.વ.૪૫), જશી ગેંડાભાઈ દેવીપુજક (ઉ.વ.૩૫), રાયજી ઉકાભાઈ દંતાણી (ઉ.વ.૩૫)ના પણ બનાવ સ્થળે મૃત્યુ નિપજ્યા હતા. તો બીજી તરફ રીક્ષામાં સવાર ૧૨ જણા પૈકી આઠને તાત્કાલિક ગંભીર હાલતમાં હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જેમાં ૧૭ વર્ષીય શૈલેષ નગીનભાઈ દંતાણીનું ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમ્યાન મોત થયું હતું. જ્યારે સાડા પાંચ વર્ષના કુમળા ફૂલ સમા ઘાયલ થયેલા બાળક આનંદ વિશાલભાઈ દંતાણીનું અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં પ્રાણ પંખેરૂ ઉડી ગયું હોવાનું બિનસત્તાવાર જાણવા મળ્યું છે.

(તસવીર : હસમુખ આચાર્ય, દહેગામ)

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ યોજે છે. સમર કેમ્પ અને સાહિત્યસત્ર

ગાંધીનગરના સુજ્ઞ સાહિત્યપ્રેમીઓ, સ્વાદપ્રેમીઓ તથા ફેશન પ્રેમીઓ માટે સમર કેમ્પમાં પધારવા આમંત્રણ છે. વિવિધ પ્રકારની વાનગીઓ શાળાના વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને શીખવવામાં આવશે. એમાં નિષ્ણાત વ્યક્તિઓને યોગ્ય મહેનતાણું ચૂકવવામાં આવશે. સાહિત્ય સત્રમાં વિવિધ જર્જરો સાથે વાર્તાલાપ તથા શ્રેષ્ઠ કૃતિઓનો રસાસ્વાદ કરાવવામાં આવશે. શીખવા તથા શીખવવા ઈચ્છતાં સર્વ સુજ્ઞજનોને સંપર્ક કરવા વિનંતી.

સમર કેમ્પ : તા. ૧૫ એપ્રિલથી ૩ મે, ૨૦૧૩
(ભારતીય વાનગી તથા ફેશન કલ્ચર)
તા. ૨૭ એપ્રિલથી ૩ મે ૨૦૧૩ (સાહિત્ય સત્ર)
સમય : સવારે ૯ થી ૧૨

GANDHINAGAR International Public School
Gandhinagar-Mansa highway, Randheja, Gandhinagar Phone No : 079 23976821-22-23
M. 9925017168 www.gipschool.com
e-mail : gips.school@yahoo.com

Admissions Open for Nursery to 12 Sci-Com

પોતા તમારો વિદ્યાર્થીને ડોક્ટર, એન્જિનીયર, એર હોસ્ટેસ, સી.એ.,એમ.બી.એ., કેપ્ટુરી કલેક્ટર કે સ્વન ગુજરાત રાજ્યના મંત્રી થી પણ બની શકવા જે તેવા, ૧૬ વર્ષથી ૩૬૫ દિવસ Spoken English ની ફ્રેન્ચાઈઝ ધરાવતા ઇન્સ્ટિટ્યુટમાં જોડાઇ કડકડાટ અંગ્રેજી બોલતાં શીખો.

૮ સવારે ૮ તથા સાંજે ૫ વાગ્યાની બેચીસ - સી.૬ ખાતે
૮ સવારે ૬.૩૦ તથા ૧૧ વાગ્યાની બેચીસ - સી.૧૬ ખાતે
૮ કર્મચારીઓ, ગૃહિણીઓ માટે સાંજે ૮ થી ૬.૩૦- સી.૧૬ ખાતે

નાણાવટી The Leader... Institute
H.O. : વર્ષાં મલ, હોટલ રોયલની પ્રાયમ, સેક્ટર-૧૬, ફોન નં. ૧૩૨ ૧૧૧૨
બ્રાન્ચ: સી.૬ (સી.ધર્મ એકેડમીના સામે નાણાવટી સ્કૂલ, ગાર્ડન સામે, સી.૬ ખાતે પૂછપરછ કરી શકાશે.)
(ઓફ ટાઇમ ઓફિસ સમય : સવારે ૮ થી ૧, સાંજે ૨ થી ૮)
મો.નં. ૦૩૬૫૧ ૬૦૮૩૮

SPORTS AUTHORITY OF INDIA
TRAINING CENTRE
Sector-15, Gandhinagar (Guj.)

NOTICE INVITING TENDER

In charge Sports Authority of India, Training Centre, Sector-15, Gandhinagar (Gujarat) on behalf of President of India, invites sealed tenders for following works.

Sr. No.	Name of work	Estimated cost	EMD amount (Rs.)	Tender fee (Rs.)
01	Disposal of unserviceable materials i.e. steel cots, steel cup boards & scrap etc.	98,880/-	5,000/-	200/-
02	Repairs of steel cots & painting to steel cots/cup boards etc.	1,10,000/-	5,500/-	200/-

Terms & conditions for above works as part of the bidding documents may be obtained on cash payment or Demand Draft for any bank each from office of In charge, SAI Training Centre, Sector-15, Gandhinagar on any working day from 25-03-2013 to 10-04-2013 between 11.30 Hrs. to 17.00 Hrs.
The bidding document in prescribed format along with relevant documents sealed & complete in all respects to be submitted in the office of In charge, SAI Training centre, Sector-15, Gandhinagar by 10-04-2013 up to 15.00 P.M. Tenders will be opened at 15.30 P.M. on same day in the presence of bidders available during opening.
SAI reserves the right to accept or reject any bid at any stage without assigning any reason.

In charge
SAI Training Centre
Gandhinagar
Tel No. 079-232 40208